# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2555 ❖ માર્ગશીર્ષ પૂર્ણિમા ❖ 10 ડિસેમ્બર 2011 ❖ વર્ષ – 12 ❖ અંક – 09 ❖ સળંગ અંક - 141

## ધમ્મવાણી

एकं धम्मं अतीतस्स, मुसावादिस्स जन्तुनो ।
वितिण्णपरलोकस्स, नत्थि पापं अकारियं ।।
धम्मपद – १७६

એક ધર્મ (સત્ય) નું અતિક્રમણ કરીને જે અસત્ય બોલે છે, પરલોક પરત્વે ઉદાસીન આવા પ્રાણીને માટે એવું કોઈ પાપ બાકી નથી રહેતું, જેને તે કરી ન શકે.

## ઉદ્‌બોધન

મારા પ્રિય સાથી સાધક–સાધિકાઓ!

આવો, મોહના બંધનથી છૂટીએ!

મોહના બંધનથી છૂટવાનો અર્થ છે.: આ જીવનમાં દુઃખબંધનોથી છૂટવું. મોહનાં બંધનથી છૂટવાનો અર્થ છે, આવતા જન્મ–મરણનાં દુખ–બંધનોથી છૂટવું. એ મોહ જ છે કે જે આપણને બાંધી રાખે છે. આ જીવનમાં અને અનેક ભાવિ જીવનોમાં પણ.

મોહ શું છે? મોહ મૂઢતા છે, મૂર્ખતા છે, અજ્ઞાન અવસ્થા છે, અવિદ્યાની સ્થિતિ છે, મોહ અવસ્થામાં જ આપણે નવા નવા સંસ્કારોનું સર્જન કરતા રહીએ છીએ. મનને નવા નવા વિકારોથી વિકૃત કર્યા કરીએ છીએ. આપણને હોશ જ નથી રહેતા કે આપણે શું કરી રહ્યા છીએ? કેવી રીતે પોતાની જાતને રાગના બંધનમાં બાંધી રહ્યા છીએ? દ્વેષના બંધનોમાં બાંધી રહ્યા છીએ, કેવી રીતે અજાણી અવસ્થામાં આ બંધનોની ગાંઠોને ગૂંચવતા જ જઈએ છીએ!

જો મોહ દૂર કરવો હોય, એટલે કે આપણને ભાન રહે, સાવધાની રહે, સજગતા રહે, જાગૃતિ રહે તો આપણે આપણા ચિત્ત નવા સંસ્કારોની ગાઢ રેખાઓ પડવા જ શા માટે દઈએ? આપણને પોતાને રાગ અને દ્વેષનાં બંધનોમાં દઈએ જ શા માટે? આ તો જ્ઞાનપૂર્ણ સજગતા જ છે, જેનું નામ પ્રજ્ઞા છે જે મોહને જડમૂળથી ઉખાડી નાખે છે.

પ્રજ્ઞાને જાગ્રત કરવા માટે અને તેને પુષ્ટ રાખવા માટે આપણે વિપશ્યાનાનો અભ્યાસ કરતાં રહીએ; સાધક રહેવાનો અભ્યાસ કરતા રહીએ;

**यतं चरे** – ચાલીએ, તો પણ સાવધાનીપૂર્વક ચાલીએ.

**यतं तिट्ठे** – ઊભા રહીએ તો પણ રહીએ, તો પણ સાવધાનીપૂર્વક બેસીએ

**यतं अच्छे** – બેસીએ તો પણ સાવધાનીપૂર્વક બેસીએ

**यतं सये** – આડા પડખે સૂતેલા રહીએ તો પણ સાવધાનીપૂર્વક સૂતેલા રહીએ.

આમ, સૂતાં જાગતાં, ઊઠતાં, બેસતાં દરેક સ્થિતિમાં સાવધાન રહીએ. સચેત રહીએ. આપણું કોઈ કામ અસાવધાનીમાં થાય જ નહિ, બેહોશીમાં થાય જ નહિ, ગફલતમાં થાય જ નહિ,

**'पच्चते किखत्वा पच्चते किखत्वा कायेन कम्मं कातब्ब।'** ધ્યાનપૂર્વક સારી પેઠે જોતાં જોતાં જ કાયાનાં કર્મ કરીએ.

**'पच्चवे किखत्वा पच्चवे किखत्वा वाचान कम्मं कातब्ब।'** ધ્યાનપૂર્વક સારી પેઠે જોતાં જોતાં જ વાણીનાં કર્મ કરીએ.

**'पच्चवे किखत्वा पच्चवे किखत्वा मनसा कम्मं कातब्ब।'** ધ્યાનપૂર્વક સારી પેઠે જોતાં જોતાં જ મનનાં કર્મ કરીએ.

આ રીતે કાયિક,વાચિક અને માનસિક કર્મો પ્રત્યે સાવધાન રહીએ. સચેત રહીએ, જાગૃત રહીએ, આપણા દ્વારા થતા પ્રત્યેક કાર્યનું પ્રત્યવેક્ષણ કરતા રહીએ, આપણી જાગૃતિ જ્ઞાન પરિપૂર્ણ હોય. એટલે કે સાવધાનીની સાથોસાથ આ જાણકારી પણ બની રહે કે બધા વિષયો સ્વભાવથી જ અનિત્ય છે. અને જે અનિત્ય છે, દુઃખ છે, અને જે અનિત્ય છે, દુઃખ છે તે અનાત્મ છે. એટલે કે તે 'હું–મારું' લગાવ–આકર્ષણ 'મારો આત્મા' નથી આથી તેની સાથે કોઈ લગાવ–(આકર્ષક) નહિ, કોઈ દુર્ભાવના નહિ, કોઈ ચિપકાવ નહિં, કોઈ છિટકાવ નહિ, બધી સ્થિતિઓની જાણકારી પણ ખરી અને સાથે સાથે તેના પ્રત્યે નિર્લિપ્તભાવ પણ, નિઃસંગભાવ પણ નિરાસક્તભાવ પણ આ જ વિપશ્યના છે. આ જ મોહનાશિની પ્રજ્ઞા છે.

આવો, આ પ્રજ્ઞાને જગાડીએ, આવો, આ પ્રજ્ઞાને પુષ્ટ કરીએ. આવો, મોહને તોડીએ. જડમૂળ માંથી ઉખેડીને ફેંકી દઈએ.

સાધકો! મોહ નષ્ટ થવામાં જ આપણું કલ્યાણ સમાયેલું છે, મંગલ સમાયેલું છે, નિર્વાણ સમાયેલું છે,

મંગલમિત્ર

સત્યનારાયણ ગોયન્કા

## પ્રજ્ઞા-કક્ષા

પ્રજ્ઞા શું છે? સારી પેઠે જાણવું તેનું નામ જ પ્રજ્ઞા છે. ઉપરના દેખાતા સ્તરની સચ્ચાઈને જ જાણી લેવી તે પ્રજ્ઞા નથી. પરંતુ આ ઉપરથી દેખાતા સત્યનાં ઊંડાણોમાં પેસીને ભીતર અંતિમ સત્યને જાણી લેવું તે પ્રજ્ઞા છે. જેવી રીતે કોઈ અબોધ બાળક ઝવેરાતને રંગ-બેરંગી આકર્ષક પથ્થરોના ટુકડા તરીકે જુએ છે, પરંતુ એક અનુભવી ઝવેરી પોતાની વેધક દૃષ્ટિથી એકએક રત્નની ભીતર રહેલા ગુણ-દોષને જોઈને તેની યોગ્ય પરખ કરે છે; એવી જ રીતે પ્રજ્ઞાવાન વ્યક્તિ જે સ્થિતિ સામે આવે છે, તેનું માત્ર ઉપર ઉપરનું અવલોકન જ નથી કરતો, પણ પોતાની વેધક પ્રજ્ઞા દૃષ્ટિ દ્વારા ઊંડાણમાં ઊતરીને પરમાર્થ સત્યનો સાક્ષાત્કાર કરે છે. આમ દરેક સ્થિતિ ને સારી રીતે સમગ્ર રૂપમાં જાણી લેવું જ પ્રજ્ઞા છે.

આ 'જાણવું' ત્રણ પ્રકારનું હોય છે. આથી પ્રજ્ઞા પણ ત્રણ પ્રકારની હોય છે :

૧. શ્રુતમયી પ્રજ્ઞા : એ પ્રજ્ઞા કે જે સાંભળીને કે વાચીને પ્રાપ્ત થઈ છે.

૨. ચિંતનમયી પ્રજ્ઞા : વાંચી સાંભળીને જે પ્રજ્ઞા પ્રાપ્ત થઈ, તેને વિચાર-વિનિમય દ્વારા, ચિંતન-મનન દ્વારા, તર્ક-વિતર્ક દ્વારા પોતાની બુદ્ધિને ત્રાજવે તોળીને, ન્યાયસંગત અને યુક્તિસંગત સમજીને પુષ્ટ કરી લેવી ચિંતનમયી પ્રજ્ઞા છે.

ઉપરથી બને પ્રકારની પ્રજ્ઞાઓ સર્વથા નિરર્થક છે, એમ તો કહી શકાય નહિ, પરંતુ આ બધું પરાયું જ્ઞાન પરાયું જ્ઞાન હોવાથી મોટે ભાગે બુદ્ધિ વિલાસ બનીને જ રહી જાય છે. આનાથી આપણને જીવનમાં વાસ્તવિક લાભ મળતો નથી. વાસ્તવિક લાભ મળે છે આ ત્રીજી

૩. ભાવનામયી પ્રજ્ઞાથી. એટલે કે એ પ્રજ્ઞા, કે જે આપણી અનુભૂતિઓના આધાર પર આપણી ભીતર જ પ્રગટ અને પ્રસ્ફૂટિત થઈ હોય. આ આપણો પોતાનો સાક્ષાત્કાર છે અને એટલા માટે સાચા અર્થમાં કલ્યાણકારી છે.

ભાવનામયી પ્રજ્ઞા માટે આવશ્યક છે કે શીલ ધારણ કરીને સમ્યક્ સમાધિ ઉપલબ્ધ કરી લઈએ. સમ્યક્ સમાધિમાં સમાહિત-સમાયેલું ચિત્ત જ યથાભૂત સત્યને જાણી શકે છે, તેનું દર્શન કરી શકે છે.

**'समाहित यथाभूतं पजानाति पस्सति'**

આ યથાભૂત જોવાને-નિરીક્ષણ કરવાને જ વિપશ્યના એટલે કે 'વિશેષ રૂપથી જોવું' કહીએ છીએ. સામાન્ય રીતે આપણે માત્ર ઉપર-ઉપર દેખાતા સત્યને જ જોઈને રહી જઈએ છીએ. જેવી રીતે પેલું અબોધ બાળક રત્નોની ઉપરી રંગીન અને ચમક-દમકને જ જુએ છે. ઝવેરીની વીંધનારી તીક્ષ્ણ દૃષ્ટિની જેમ ભીતરી સચ્ચાઈને જોઈ શકવું જ 'વિશેષરૂપે જોવું છે. અને એજ વિપશ્યના છે એજ ભાવનામયી પ્રજ્ઞા છે. અહીં ભાવનાનો અર્થ ભાવુક્તા કે ભાવાવેશ નથી, ભાવનાનો અર્થ છે-વધારવું, ફેલાવવું,વિકસિત કરવું, એટલે કે સ્વયં પોતાના અનુભવો દ્વારા પ્રાપ્ત થયેલ પ્રજ્ઞાનો વિપશ્યના અભ્યાસ દ્વારા વધારાતા રહેવું.

ઉપર ઉપરના સત્યને જાણી લેવું સરળ છે, પરંતુ ભીતરની સચ્ચાઈનો સાક્ષાત્કાર કરવા માટે અંતર્મુખ થવું આવશ્યક છે. અંતર્મુખ થઈને આપણે આપણી જાણકારી પ્રાપ્ત કરીએ, આત્મનિરીક્ષણ કરીએ, આત્મદર્શન કરીએ, આત્મસાક્ષાત્કાર કરીએ, આપણને પોતાને જોઈએ, જાણીએ, સમજીએ.

કાયાની ગતિવિધિ પર પૂરું ધ્યાન રાખીને કાયાનુપશ્યના કરાય અથવા કરવામાં આવે છે. શ્વાસના આવાગમનનું નિરીક્ષણ પણ કાયાનુપશ્યના જ છે. શ્વાસનું નિરીક્ષણ કરતાં કરતાં શરીરના અંગ-પ્રત્યંગનું નિરીક્ષણ કરવાનું શરુ કરીએ છીએ અને ધીરે ધીરે અભ્યાસ દ્વારા શરીરના અંગ-અંગમાં સ્થૂળ અને સૂક્ષ્મ સંવેદનાઓની અનુભુતિઓ થવા લાગે છે કે જે ક્યારેક સુખદ, ક્યારેક દુઃખદ, ક્યારેક ન સુખદ, ન દુઃખદ થતી જ રહે છે, દૃષ્ટાભાવથી આ સંવેદનાઓનું નિરીક્ષણ કરતા રહીને વેદનાનુપશ્યના કરીએ છીએ, સમય-સમય પર ઉત્પન્ન થનાર વિભિન્ન પ્રકારના ચિત્તનું નિરીક્ષણ કરીને દૂર થાય છે. પ્રકાશ ઉત્પન્ન થાય છે અને એ પ્રકાશમાં ત્યાંની બધી વસ્તુઓ સાફ-સાફ લાગે છે. એ જ રીતે પ્રજ્ઞા ઉત્પન્ન થતાં જ અવિદ્યાનો અંધકાર દૂર થાય છે, વિદ્યાનું અજવાળું જાગી ઉઠે છે. અને એ જ્ઞાનલોકમાં આર્યસત્યો પ્રગટ થાય છે. પરમાર્થ સત્યોનો સાક્ષાત્કાર થાય છે.

આપણે આપણા અધ્યાત્મના ઊંડાણમાં ઊતરીને દુઃખ સત્યનો સાક્ષાત્કાર કરીએ છીએ. સદા અતૃપ્ત અને અસંતુષ્ટ રહેનારું આ મન કેવી રીતે તૃષ્ણાની પ્યાસથી નિરંતર વ્યાકુળ જ રહે છે! આ પ્યાસ પણ કેવી! ન છિપાનારી પ્યાસ છે! એવો તળિયા વિનાનો કૂવો, જેને ભરવાના બધા પ્રયત્નો નિષ્ફળ જ થતા રહે છે. આપણી તૃષ્ણાઓ, અહંમન્યતાઓ, અને દૃષ્ટિઓ પ્રત્યે વધી ગયેલો ચિપકાવ, ઉપાદાન, આસક્તિ-ભાવ આપણને કેવા નિરંતર દુઃખી, વ્યાકુળ અને વ્યગ્ર બનાવતો રહે છે! આપણાં દુઃખો અને બધાં દુઃખોના મૂળભૂત કારણનો સાક્ષાત્કાર થઈ જતાં તેના નિવારણનો આ પાવન માર્ગ કેવી રીતે દુઃખ ઉત્પન્ન કરનારી આ આસક્તિઓને નષ્ટ કરી આપણને દુઃખવિમુક્ત બનાવે છે ! એ જ માર્ગનો અભ્યાસ કરતાં કરતાં નિતાંત દુઃખવિમુક્ત સ્વરુપ નિર્વાણનો પણ સાક્ષાત્કાર થઈ જાય છે.

આમ, જેમ જેમ વિપશ્યનાનો અભ્યાસ દ્વારા પ્રજ્ઞા પુષ્ટ થતી જાય છેતેમ તેમ મોહ-મૂઢતા-માયા-મરિચિકા, ભ્રમ, ભ્રાંતિ, છે. આ વિપર્યાસ બધું જ દૂર હટે છે, બધી સ્થિતિ આપોઆપ જ સ્પષ્ટ થતી જાય છે. મનમાં કોઈ પ્રકારની શંકા-કુશંકા રહેવા પામતી નથી. પ્રજ્ઞા પુષ્ટ થાય છે, તો શીલ સદાચાર શુદ્ધ થવા માંડે છે. વિકારવિહીન થઈને ચિત્ત વિશુદ્ધ થાય છે, દૃષ્ટિ વિશુદ્ધ થાય છે. અને આ કલ્યાણકારી વિશુદ્ધ માર્ગ પર આગળ વધતાં રહીને આપણે શુદ્ધ આર્યત્વ પ્રાપ્ત કરીએ છીએ.

મુક્તિ સુખનું આસ્વાદન કરીએ છીએ.

વિપશ્યના પ્રજ્ઞાનું પોતાનું એક આગવું સુખ છે, જે અન્ય બધાં જ સુખો કરતાં ઉન્નત છે. ચાહે આપણે સ્થૂળ ઐન્દ્રિય સુખોમાં લપેટાયેલા હોઈએ કે પછી અતીન્દ્રિય રૂપ, શબ્દ, આદિનાં આલંબનો દ્વારા આત્મ સંમોહનજન્ય કોઈ પ્રકારની આનંદાનુભૂતિમાં તલ્લીન હોઈએ; બંને અવસ્થાઓ સાચા સુખની અવસ્થાઓ નથી. કારણ કે જયારે આ સુખ સમક્ષ થાય છે તો ઘેરું દુઃખ સાથે લાવે છે. અને કારણ કે બંને અનિત્ય છે, તેથી પરિવર્તનશીલ છે; તેથી સમાપ્ત થઈ જાય છે. સમાપ્ત થતાં જ પાછું મેળવવા માટે તરફડવા લાગે છે, તૃષ્ણાથી વ્યાકુળ થવા લાગે છે. વાસ્તવિક સુખ તો એ છે કે જે સદા એકરસ બનીને રહી શકે. એ સુખ નિર્લિપ્તતાનું જ સુખ છે. જ્યારે આપણે નિર્લિપ્ત બનીને જોવાના અભ્યાસી બની જઈએ છીએ, ત્યારે આપણું આલંબન ભલે બદલાતું રહે; આપણા જોવામાં કંઈ જ ફરક પડતો નથી. ન તો આપણે ઐન્દ્રિય કે અતીન્દ્રિય સુખનું આગમન થતાં નાચવા લાગીએ છીએ. ન તો તેમના નિર્ગમન પર રોવા લાગીએ છીએ બંનેય સ્થિતિઓનો એક તમાશો જોનારની માફક તમાશો જોયા કરીએ છીએ. પોતાના અંતર્મનના ઊંડાણમાં ઊતરીને સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્થિતિની પણ પરિવર્તનશીલતાનું નિરીક્ષણ કરતાં કરતાં આ અનિત્યતાની ગહન સચ્ચાઈ પ્રત્યે સમ્યક્ દૃષ્ટિ જાણે છે, કે જે આપણને આ પરિવર્તનશીલતા થી પ્રભાવિત થતા બચાવે છે. આપણે એક એવી નિર્લિપ્ત અને નિઃસ્પૃહ દૃષ્ટિથી પ્રત્યેક બદલાતી રહેતી સ્થિતિને જોઈએ છીએ અને તેનું સુખ લઈએ છીએ, કંઈ સાંદૃષ્ટિક છે, આખોની સામે છે, તેને નિર્વિકાર ભાવથી જોતા રહેવાનું સુખ નિરાળું છે, અનોખું છે. અતુલનીય છે આ જ સાચો સુખવિહાર છે. અને જ **दिट्ठ धम्मसुख विहार** કહેવાય છે.

નિરંતર અતૃપ્તિ અને અસંતુષ્ટિજન્ય તૃષ્ણાઓમાં સળગતા રહેવા કરતાં આવો, આપણે વિપશ્યનાના અભ્યાસ દ્વારા આપણી ભાવનામયી પ્રજ્ઞાને વિકસિત કરીએ અને તૃષ્ણાની ગહન આસક્તિઓ માંથી વિમુક્ત થઈને સ્થિતપ્રજ્ઞ અને અનાસક્ત બનીએ. જીવનમુક્ત બનીએ; અને આપણું પોતાનું સાચું મંગલ સાધીએ, કલ્યાણ સાધીએ.

કલ્યાણમિત્ર

સત્યનારાયણ ગોયન્કા

---

## નવનિર્માણાધીન કેન્દ્ર
## ધમ્મઅંબિકા - ગતિવિધિ
## જૂના સાધકોનો સેમિનાર ૧૨-૨-૧૨

ધમ્મઅંબિકા કેન્દ્રનું નિર્માણ કાર્ય આયોજનપૂર્વક ચાલી રહ્યું છે. હાલની પ્રગતિ નીચે પ્રમાણે છે.

* રિસેપ્શન સંકુલનું નિર્માણ ચાલુ છે.
* પુરુષો માટે નિવાસ - ૧૨ તથા મહિલાઓ માટે નિવાસ - ૧૦ નું નિર્માણ થઈ રહેવા આવ્યું છે.
* નિર્માણાધીન સ્થાન પર વર્તમાનમાં દર મહિને બીજા, ત્રીજા અને ચોથા રવિવારે એક દિવસીય શિબિર લગાવાય છે. જૂના સાધકોને હાજરી આપવા નિમંત્રણ છે.
* તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૨ના રવિવારે સવારે ૯ થી સાંજે ૫ સુધી જૂના સાધકોનો સેમિનાર આયોજિત છે. સાધક ભાઈ-બહેનોને હાજર રહેવા વિનંતી.
* પ્રથમ ૧૦ દિવસીય શિબિર ફેબ્રુઆરી / માર્ચ ૨૦૧૨માં આયોજિત કરવા ધારણા છે.
* દાનની પુણ્ય પારમી અર્જિત કરવા ઇચ્છુક સાધકો બાંધકામ કાર્ય માટે દાન આપવા નીચે પ્રમાણે સંપર્ક કરશો.

(૧) ડો. જીતુભાઈ શાહ - મો. ૯૮૨૫૦ ૫૪૨૭૪
(૨) રામગોપાલ અગ્રવાલ - મો. ૯૩૭૫૧ ૫૨૫૩૧
(૩) વસંતભાઈ લાડ - મો. ૯૪૨૮૧ ૬૦૧૭૪

## સયાજી ઉ બા ખિનની પુણ્યતિથિ નિમિત્તે 'ગ્લોબલ પગોડા'માં
## પૂ. ગુરુદેવની સંનિધિમાં એક દિવસીય મહાશિબિર

૨૨ જાન્યુઆરી, ૨૦૧૨ રવિવારે સવારે ૧૧ થી સાંજે ૪ સુધી 'ગ્લોબલ પગોડા'ના મોટા ધમ્મકક્ષ (ડોમ)માં.
રાજકોટથી ૨૧ જાન્યુઆરી શનિવારે સાંજે ટ્રેનમાં મુંબઈ જવાનું આયોજન છે. જોડાવા ઈચ્છુક સાધકો માટે સંપર્ક :
* વજુભાઈ વેકરિયા - મો. ૯૪૨૯૦ ૯૮૩૩૭

## ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર- ''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| **સતિપટ્ઠાન શિબિરો** | | | |
| 10-02-12 to 18-02-12<br>15-06-12 to 23-06-12<br>24-09-12 to 02-10-12 | 14-01-12 to 22-01-12<br>06-08-12 to 14-08-12<br>03-11-12 to 11-11-12<br>03-03-13 to 11-03-13 | 03-03-12 to 11-03-12 | 01-09-12 to 09-09-12 |
| **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો** | | | |
| 27-06-12 to 08-07-12 | 25-01-12 to 05-02-12<br>10-09-12 to 21-09-12 | | 12-12-12 to 23-12-12 |
| **દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | |
| (૨૦ દિવસીય)<br>15-01-12 to 05-02-12<br>04-10-12 to 25-10-12<br>(૩૦ દિવસીય)<br>24-09-12 to 25-10-12<br>યુવતીઓ માટે<br>05-05-12 to 13-05-12<br>યુવકો માટે<br>21-04-12 to 29-04-12 | (૨૦ દિવસ)<br>17-03-12 to 07-04-12<br>05-08-12 to 26-08-12<br>13-03-13 to 03-04-13<br>(૩૦ દિવસ)<br>07-03-12 to 07-04-12<br>02-12-12 to 02-01-13<br>03-03-13 to 03-04-13<br>(૪૫ દિવસ)<br>02-12-12 to 17-01-13 | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન''<br>(0265) 2341181, (M) 94263 32180<br>E-mail : vvs04@ hotmail.com<br>(સતિપટ્ઠાન)<br>12-05-12 to 20-05-12<br>(૧૦ દિવસીય ગંભીર)<br>11-07-12 to 22-07-12 | (જૂના સાધકો માટે ૩ દિવસીય શિબિર)<br>05-01-12 to 08-01-12<br>19-04-12 to 22-04-12<br>15-08-12 to 18-08-12<br>22-11-12 to 25-11-12 |

## ધમ્મકોટ સતિપટ્ઠાન શિબિર તારીખમાં ફેરફાર

તા. ૨૭-૦૧-૧૨ થી શરૂ થતી સતિપટ્ઠાન શિબિર હવે તા. ૧૦-૨-૧૨ થી તા. ૧૮-૨-૧૨ દરમિયાન યોજાશે.

## ધમ્મકોટ પર ૨૦ દિવસીય શિબિર

ધમ્મકોટ પર ૧૫ જાન્યુઆરી, ૨૦૧૨ થી ૦૫ ફેબ્રુઆરી, ૨૦૧૨ દરમિયાન ૨૦ દિવસીય શિબિરનું આયોજન કરાયેલ છે. જે સાધકોને જોડાવું હોય તેઓ સિટિ ઓફિસ અથવા ધમ્મકોટ કેન્દ્ર પર તાત્કાલીક નામ નોંધાવી દેશો.

### આપ વિપશ્યના પત્રિકા ઈ-મેલ દ્વારા મેળવવા ઈચ્છો છો?

આપ ગુજરાતી વિપશ્યના પત્રિકા ઈ-મેલ દ્વારા વિના મૂલ્યે મેળવવા ઈચ્છતા હો તો આપને મેલ આઈડી નીચે લખેલ મેલ આઈડી પર મોકલશો.

patrikadhammakot@gmail.com

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94262 02222 dhammakot@gmail.com | C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 | ૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦. (0265) 2341181 (M) 94263 32180 E-mail : vvs04@ hotmail.com |

### ૨૦૧૧/૧૨ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| 10-01-12 to 21-01-12 | 12-01-12 to 23-01-12 | 18-01-12 to 29-01-12 | 04-01-12 to 15-01-12 | 22-01-12 to 02-02-12 |
| 25-01-12 to 05-02-12 | 25-01-12 to 05-02-12 | 01-02-12 to 12-02-12 | 18-01-12 to 29-01-12 | 08-02-12 to 19-02-12 |
| 08-02-12 to 19-02-12 | 08-02-12 to 19-02-12 | 15-02-12 to 26-02-12 | 01-02-12 to 12-02-12 | 14-03-12 to 25-03-12 |
| 22-02-12 to 04-03-12 | 22-02-12 to 04-03-12 | 14-03-12 to 25-03-12 | 15-02-12 to 26-02-12 | 04-04-12 to 15-04-12 |
| 21-03-12 to 01-04-12 | 10-04-12 to 21-04-12 | 28-03-12 to 08-04-12 | 29-02-12 to 11-03-12 | 22-05-12 to 02-06-12 |
| 04-04-12 to 15-04-12 | 23-04-12 to 04-05-12 | 11-04-12 to 22-04-12 | 28-03-12 to 08-04-12 | 13-06-12 to 24-06-12 |
| 16-05-12 to 27-05-12 | 06-05-12 to 17-05-12 | 24-04-12 to 05-05-12 | 11-04-12 to 22-04-12 | 05-09-12 to 16-09-12 |
| 30-05-12 to 10-06-12 | 19-05-12 to 30-05-12 | 23-05-12 to 03-06-12 | 25-04-12 to 06-05-12 | 03-10-12 to 14-10-12 |
| 13-06-12 to 24-06-12 | 01-06-12 to 12-06-12 | 06-06-12 to 17-06-12 | 23-05-12 to 03-06-12 | 28-10-12 to 08-11-12 |
| 27-06-12 to 08-07-12 | 14-06-12 to 25-06-12 | 22-06-12 to 03-07-12 | 06-06-12 to 17-06-12 | 12-12-12 to 23-12-12 |
| 09-07-12 to 20-07-12 | 27-06-12 to 08-07-12 | 06-07-12 to 17-07-12 | 22-06-12 to 03-07-12 | |
| 21-07-12 to 01-08-12 | 10-07-12 to 21-07-12 | 20-07-12 to 31-07-12 | 06-07-12 to 17-07-12 | |
| 08-08-12 to 19-08-12 | 24-07-12 to 04-08-12 | 01-08-12 to 12-08-12 | 20-07-12 to 31-07-12 | |
| 22-08-12 to 02-09-12 | 28-08-12 to 08-09-12 | 15-08-12 to 26-08-12 | 15-08-12 to 26-08-12 | |
| 05-09-12 to 16-09-12 | 10-09-12 to 21-09-12 | 29-08-12 to 09-09-12 | 12-09-12 to 23-09-12 | |
| 27-10-12 to 07-11-12 | 24-09-12 to 05-10-12 | 12-09-12 to 23-09-12 | 26-09-12 to 07-10-12 | |
| 09-11-12 to 20-11-12 | 06-10-12 to 17-10-12 | 26-09-12 to 07-10-12 | 10-10-12 to 21-10-12 | |
| 21-11-12 to 02-12-12 | 19-10-12 to 30-10-12 | 10-10-12 to 21-10-12 | 24-10-12 to 04-11-12 | |
| 05-12-12 to 16-12-12 | 01-11-12 to 12-11-12 | 24-10-12 to 04-11-12 | 16-11-12 to 27-11-12 | |
| 19-12-12 to 30-12-12 | 14-11-12 to 25-11-12 | 11-11-12 to 22-11-12 | | |

### : ધર્મજ :

હેમંતભાઈ પટેલ (૦૨૬૯૭) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨ મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## દોહા ધરમના

મિલી મુકિત કી સાધના, કરેં સ્વયં પુરુષાર્થ ।
કાટેં બંધન કર્મ કે , જીવન હોય કૃતાર્થ ॥

ઈસ પાવન અભ્યાસ સે, ચિત્ત નિખરતા જાય ।
એક એક કર મૈલ કી, પરત ઊતરતી જાય ॥

ટૂટે મિથ્યા કલ્પના, છૂટે સભી અસત્ય ।
પરમ સત્ય કે પંથ કા, રહે સહારા તથ્ય ॥

**એક્સેલ કોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગલકામના

## દોહા ધરમના

જીવન ભર વ્યાકુલ રહે, મન કે રહે ગુલામ ।
અબ તો ઈસ અભ્યાસ સે, મન કો કરે ગુલામ ॥

કિયા અમંગલ હી સદા, મન કા રહા ગુલામ ।
મિલી સુમંગલ સાધના, મન પર લગી લગામ ॥

શીલ ધરમ પાલન કરું, કર સમાધિ અભ્યાસ ।
નિજ પ્રજ્ઞા જાગ્રત કરું, કરું દુઃખોં કા નાશ ।

**ભરત ડાયમંડ**
સરસ્વતી વાત્સલ્ય, માધ્યમિક શાળા,
સુરતની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

વિપશ્યના 10 ડિસેમ્બર 2011 આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 10 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org